देवीचरित्र चन्द्रिका.

रचनार,

[illegible]

ठक्कर अमृतलाल हरिभाई राजवैद्य.

अमदावाद, मांडवीनी पोळमां [illegible] पोळ.

[illegible]

અમદાવાદ [illegible]

જોશી [illegible] ત્રિવેદી.

અમદાવાદ [illegible].


[illegible]

સંવત [illegible] આવૃત્તિ [illegible] પ્રત [illegible]

[illegible]

[illegible]

કિંમત [illegible]



સમુદ્રદેવસ્તુતિ.

(ભુજંગપ્રયાત)

દરીયા સ્વરૂપી હરે ॐ સરન્નમ્
નમો દેવ બન્દૌં તિહારાં ચરન્નમ્
વસ્યો આપ વૈરાજ લોકં પ્રકાશમ્
ચિદાનન્દ સદ્બોધ સત્યં સુભાસમ્
નમો જ્ઞાન જ્ઞાતા સદા જ્ઞેય આપમ્
નમો આગમાં નીગમાં તેં અમાપમ્
નમો બ્રહ્મમાયા વિવર્ત્તમ્ વિભાજમ્
નમો દેવ નારાયણમ્ વિશ્વકાજમ્
તુંહીઁ બ્રહ્મમાયા તુંહીં જીવયોગમ્
તુહીઁ શેષ ઔ શારદા સંતભોગમ્
દરીયા તુહીં પીર શાહે બુ,ખારી
તિહારી કૃપા તેં ત્રિલોકં સુખારી
વષટ્કાર સૌ ષટ્ સ્વધા આપ સ્વાહા
પઢૈ બેદ નેતી નમો નાથ આહા !
તુહીઁ ચણ્ડિકા અંબિકા આદ્ય શક્તિ
તિહારી શ્મશાને ધરે શંભુ ભક્તિ.
તુહીઁ જીવનં જીવવ્યાપી વિશેષમ્

તુહીઁ અન્તરાત્મા સ્વરૂપં સુરેશમ્
તુહીઁ ધર્મકર્માદિ હે શર્મ ઇષ્ટમ
તુહીઁ ભેદવાદમ્ વિચારં સુમિષ્ટમ્
તુહીઁ યજ્ઞહોતા દયા દાન ધાતા
નમો નિત્ય શંકારદાતા વિધાતા.
અનીહં તથાપીહ હૈ આપ ઇચ્છા
કરી લોક લીલા વિભૂતી સ્વભિચ્છા
નમો ૐ નમો વં નમો ૐ નમામિ
મુદા વારૂણું રામનામમ્ ભજામિ
કરે ખેલ આકાશ તંબૂ અકીલ્લો
દશા દીશરો પીર તેં કીન કિલ્લો.
કૃપા તેં કરીકેં વિરંચીકિ પક્ષમ્
મધૂકૈટભાંરો કિયો નાથ ભક્ષમ
મહા યોગનિદ્રા કરી દીનબન્ધુ
ધરી શેષશય્યા સુતો ક્ષીરસિંધુ
ચહી ચારિખાની દરીયા બનાઇ
પુની લાખ ચૌરાસી યોની લખાઇ
તતૌં વિંશ ઔ પઞ્ચ સૃષ્ટિ નિપાઇ
જલે ઔ સ્થલે આભમેં લે છવાઇ
પુની ચન્દ તારા રવી આભ છાયો
તિહારો કલા અંશસો બેદ ગાયો

પ્રતીભાસ તેરો યહી ઠામઠામમ્
રમે વિશ્વરુપં તુહીં રામનામમ્
તુહીઁ કાલ, કલ્યાન ઔ અન્તરાત્મા
તુહીં પીર દાતાર હૈ દેવતાત્મા
તુહીં દીનબન્ધૂ અનાદી અજન્મા
લિયો ભક્ત ઉદ્ધારુ વે આપ જન્મા
અનન્તં યહી બીધ ઔતાર ધારી
ભયો મચ્છકચ્છાદિ રૂપમ્ મુરારિ
બિનૂ ખેદ ભૂકો બનાઈ વહીત્રમ્
રખી બેદ માથૌ ભયૌ મીન ચિત્રમ્
હુવો યોં કમઠું ધરા પીઠધારી
સદા કિન્ન વિશ્વં વિભૂ તેં સુખારી
ધરી કેં સુદંષ્ટ્રા ધરીત્રી વરાહ
લગો ઇન્દુમેં જ્યૌં કલંકાંક સ્યાહ
ભયો નાર સિંહું પ્રહલ્લાદ થપ્યો
નખોંતેં કશીપૂ હિરણ્યાખ્ય ચપ્યો
ભયો વામનમ્ પાદ ગંગા નિપાઇ
બલી ચર્ણુ ચંપ્યો ચહું બેદ ગાઈ
ભ્રગૂકે પતી ત્યૌં હની ક્ષત્રકૂલમ્
કિયો રક્ત સ્નાનં કટી લોક શૂલમ્
તુઁહી રામરૂપમ્ ભયો હૈ રમેશા
દશો શીષ છેદ્યો અરૂ ભૂજ બીંશા

દિયો દીગ્પતીકોં બલી કીશ સંઘા
હન્યો રાવનં જાઇ સિન્ધૂ ઉલંઘા
યમૂનાં કરી કાન કીડા બહોરી
રમ્યો રાસ રાધાપતી ખેલિ હોરી
પ્રભૂથેં હન્યો કંશકોં ખૂબ ચપ્પી
કિયો ભારતં કૌરવોકોં ઉથપ્પી
લિયો અવ્વતારં ઉતાર્યો ભુભારમ્
વસૂદેવ ઐા દેવકીકે કુમારમ્
બલીભદ્ર ગૌરં ધરીકે શરીરમ્
પટં નીલ જીમી સુકાલિંદિ નીરમ્
ભયો બુદ્ધ શાદ્ધોદની યોં નિદાનમ્
અહીંસા શ્રુતી આપ કીની પ્રમાનમ્
ધર્યો ખડ્ગ પાની ભયો કલ્કિનાથા
રિપૂ ધૂમકેતૂ હની મ્લેચ્છસાથા
યહી પાઠ એકાદશાં અવ્વતારાં
પઠે પ્રેમતેં ઉત્તરે ભવ્વપારાં
મિલે બ્રહ્મ જો પાઠ ભાવે પઠેગો
સબેં દુઃખ દાતાર આશ્ર કટેગો
મદોન્મત્ત હસ્તીન વાકો નિહારે
લરે જંગલં કેસરી સિંહ હારે
જપે જો સદા મંત્રમાલં રસાલં
દહે નાહિઁ દાવં કરાલોગ્ર જ્વાલમ્

યહી નાગ દૌની મહામંત્ર જાપી
ઉથપ્પે ભુજંગં ડસેનાં કદાપિ
લરી સંગ લખ્ખાં ભરી બથ્થ એકો
વિજેવંત હોવે હિયે અબ્ભટેકો
જપી જાપ જાઇ ગિરૈંજો સમુદ્રમ
ઉદારંતરે પાર પાવે સુભદ્રમ્
મહારોગ વ્યાપ્યો મિટે છન્દ ગાવે
ત્રુટે બન્ધ બેડી અભેદાન પાવે
કરીકે નિવાસો બસે જિહ બાની
રહે શંકરી સંગ સારંગપાની
નમે પાદપદ્મે મદોન્મત્ત ભૂપા
પઠે પાઠ સો હોય વાગીશરૂપા
પિડ નાં ગ્રહો ભૂતપીશાચ આદી
ઝુલે લાલકી સત્ય યાદી પ્રસાદી
સુબુદ્ધિં સુપુત્રં મિલે સત્યમેવમ્
હરિ ૐ ભજો અમૃતં દેવદેવમ્

"अथ श्री देवीचरित्र चंद्रिका प्रारंभः"

(મનહર કવિત)

અસુર કોં સંહારી ભુજ સહસ્ર કો ધારી શ્યામ્
કાલિકા સ્વરૂપી કાન કુગ્-જકો વિહારી હૈ
છલિકો અનંગ રિપુ દેવતા ઉગારૂ—વેકોં
કંસહુકે કાલ વેશ મોહિનીકો કારી હૈ
હરૂવે ભુભારનાથ જન્મ્યો તું બારબાર
ગાવેં ઔતાર જગમેં ચૌબિશકો ધારી હૈ
બ્રીજમેં સહસ્ર શોલ ગોપિકા ગોવિંદસંગ
ગૌવનકોં ચારી રાજવૈદ્યકી સુધારી હૈ

દોહા.

ઐં કલીઁ સૌઁ સુખદાયિની ચણ્ડી લાગું પાય
હ્રૂઁ દુર્ગા મહિમા સુણે સુસુખ અમૃત થાય
આરાસૂરી અંબિકા કાલી કરજે વાર
તુજ ચરણે શિરને ધરી દાસ રહ્યો આ ઠાર
બહુચર બાળા સુંદરી યાચે અમૃતલાલ
ગરબા રચિ ગુણ તાહરા ગાવાનું મન વ્હાલ.

"શ્રી મહાકાલી ચરિત્રે, મધુકૈટભવધ ગરબો ૧લો."

ગરબા છંદ.

પૂજી પાર્વતીનો પુત્ર સેવું સરસ્વતી જે ખરાંરે
ગાઉં કાલિકા ચરિત્ર રાખો શરણે હરિ હરારે

વિધિ હીન કેરો અંત વિશ્વ જલમય જ્યારે થયું રે
રેલી સાગર સોહંત જડચૈતન કો નાં રહ્યું રે
જેનો વેદ જપે જાપ યોગનિદ્રા કિધી હરી રે
ત્યારે નારાયણ આપ પોઢયા શેષની શય્યા કરીરે
વિષ્ણુ કાન કેરે મેલ બન્ને દૈત્યો પેદા થયારે
દેતા હાક કરે ખેલ મધુકૈટભ નામે કહ્યારે
સુતા શ્રીકૃષ્ણ સિંધુ નાભિકમલે પ્રજાપતીરે
જોઇ દૈત્યે દિલ દીધું કરી લડવા નિત્યામતિરે
થયા લડવા તૈયાર આવ્યા બ્રહ્માનિ પર ચડીરે
ધારી બખ્તર હથિયાર મધુકૈટભ તો તે ઘડીરે
કરે વિરંચિ વિચાર પામિ વિસ્મય રૂહિયા વિષેરે
માયાવશ છે કિરતાર યોગનિદ્રામાંહી દિસેરે
કરો ઇશ્વરી જો સહાય જાણી કષ્ટ મને આ સમેરે
હરિ નેત્ર રાજીમાંય યોગમાયા આપે રમેરે
કરી સ્તુતી ગુણ ગાય કર જોડી બ્રહ્મા કહેરે
તમો ગુણ નાં ગણાય કવિ કેવી ઉપમા લહેરે
તમો પાળો ત્રિલોક વિશ્વ ઉદય હેવી કરીરે
જોઇ અંબા તું જોગ મા સંહારવા તું ફરીરે
વેદવાણી અવિનાશ નિત્ય માયા આપે રહીરે
સ્વાહા સ્વધા પ્રકાશ યજ્ઞ અમૃત રૂપે કહીરે
હ્રસ્વ દીર્ઘ વૌષટ્ પ્લુત પ્રણવ તું ઇશ્વરીરે
માત અંબિકા હુંફટ વિશ્વ વ્યાપી દિધું ભરીરે

દેવી ગાયત્રી માત તુહીઁ સાવિત્રી સ્થાન તુંરે
તારિ કેણિ કથું જાત પરા વાણી તું જ્ઞાન તુંરે
કિધા ત્રણું લોક ઝટ પાળિ પ્રલય તમે કરોરે
કહું નટી કે નટ ધરા પીઠે તમે ધરોરે
મહામાયા તું માત મહાવિદ્યા બુધ્ધિ તમેરે
જાણે નિગમ ન વાત મહા મોહ કરિ તું રમેરે
દેવ શકિત તું ઈશ મહા દૈત્યોનિ શક્તિ મારે
ધરિ ચરણામાં શીષ સ્મરણશક્તિ હું ભક્તિમાંરે
જોતાં ત્રિગુણા ગણાય વિશ્વકારણ તું પ્રકૃતિરે
ઉભો કરજોડિ માય દાસ જાણી ધરો રતીરે
કાલ રાત્રિ ધરો પ્રેમ મહા પ્રલય નિશા સહીરે
મૂઢ પામે ભય એમ મોહરાત્રી રૂપે રહીરે
મહા લક્ષ્મી ધરો પ્રેમ મહા ઐશ્વર્ય આપ છોરે
કરૂં વર્ણન તે કેમ માપી, દેવી અમાપ છોરે
તુષ્ટિ પુષ્ટિ ને લાજ તમો શાન્તિ સ્વરૂપ છોરે
કરો જોગમાયા કાજ આઈ અમૃતનો કૂપ છોરે
સહનશક્તી તું આપ નિશ્ચય કરતી બુદ્ધિ ઠરીરે
તારો હાજર જવાબ જોત જળહળ તેજે ભરીરે
કરમાં ચક્રને શૂલ શંખ ભોગલ ગદા ધરીરે
ફેડો અસુરનાં મૂલ ધારી ધનુષ બાણું કરીરે
કરે તાતી તલવાર દુષ્ટ દૈત્યો પ્રજાલતીરે
જાણી દાસ ચડો વાર માત નયને નિહાળતીરે

તારી સુંદરતા શ્રેષ્ટ બાઇ બિરદાળિ સુંદરીરે
દેવી દેવતાની ઈષ્ટ તમો પશ્યન્તિ વૈખરીરે
મધ્યે મધ્યમાં લેવાય તેનું કારણ આદી તમોરે
વસી આત્મા માંય જડ ચૈતન શક્તિ નમોરે
જપી આદિ અંબાજાપ વિશ્વ ઉપજાવ્યું મેં રહીરે
માજી તારે પ્રતાપ વિષ્ણુ પાળે પ્રજા સહીરે
કરે શંકર સંહાર રટી રૂદિયા માંહી તનેરે
તારિ લીલા અપાર પાર પામે ન કો મનેરે
તેં તો સરજ્યા ત્રિદેવ વિધિ વિષ્ણૂને શીવનેરે
કરે સુરેન્દ્ર સેવ કાલે સરજે તું દિવનેરે
મોટો મહિમા અખણ્ડ પાર પામું ન કાલિકારે
ક્ષણે કોટી બ્રહ્માણ્ડ રચે હાથ પાડિ તાલિકારે
પોઢયા ક્ષીર સિંધુ શ્યામ તેને કાનકેરે મેલથીરે
મધુકૈટભ પ્રમાણ દૈત્ય પ્રગટયા દ્વિ સહેલથીરે
આવિ ઉભા છે પાસ કરે રહિરહિ કષ્ટનેરે
કાલિ હું છું તારો દાસ નાખો મોહપાશ દુષ્ટનેરે
દેવી સામું જોઇ આજ લાજ રાખો મા માહરીરે
કરો મહા માયાકાજ કરૂં પુજા હું તાહરીરે
જોગ માયા જગાડ સુતા કૃષ્ણ લોકનાથનેરે
દેવી હવે તારો પાડ ઝાલો જોગ માયા હાથનેરે
કરી તામસિનું ધ્યાન પ્રભુ પોઢિયા જગાડવારે
આપે બ્રહ્મા બહુ માન મધુ કૈટભને મારવારે

દેખી બ્રહ્માને દુઃખ દેવી કૃષ્ણ મનમાં રહ્યારે
વ્યાપિ નેત્રોને મૂખ નાક બાહુ શિરે સહીરે
તુર્ત જાગ્યા જદુરાય મુક્ત થયા નિદ્રા થકીરે
સામે જોયું જણાય મધુકૈટભ રહ્યા અકીરે
શુષ્ક બ્રહ્માનું મૂખ જુવે નયણેથિ શ્રી હરીરે
ઉભા દૈત્યો સન્મૂખ બકે વાણી ગર્વે ભરીરે
ભારે પરાક્રમી પૂર હિસે અંતરમાં દુષ્ટતારે
લાલ લોચનમાં શૂર એની મતીનિ ભ્રષ્ટતારે
થહિ ઉભા તૈયાર ધારિ નિજ વિધી ભક્ષનેરે
ચડયા વિઠ્ઠલ ત્યાં વાર કરિ બ્રહ્માની પક્ષનેરે
એજ બાહૂ હથિયાર ચાર ભુજાઓ દીપતીરે
કરો કાલિકાજી વાર કહી ઉઠયા કમલાપતીરે
બેઉ દૈત્ય ભિડિ બાથ રામસંગે લડે રહ્યારે
કિધો યુદ્ધ દુષ્ટ સાથ પાંચ હજાર વર્ષો ગયાંરે
કરે યુદ્ધ ધરી ટેક મધુકૈટભ મહાબલીરે
ખસે પાછા ન એક ત્યારે વિસ્મય પામ્યા હરીરે
દુષ્ટ બલિયા અપાર હારિ પાછા તો ના ફરેરે
કરો મહાકાલી વાર કાજ બ્રહ્માનું તો સરેરે
હરો દાનવનિ બુદ્ધ્ય મોહ પાશ નાખી આ ઘડીરે
નવ લેશ રહે શુદ્ધ્ય વાર વૈષ્ણવી કરો ચડીરે
કરી અરજી કિરતાર ઘસી વાર ધાઈ વૈષ્ણવીરે
કીધ અંતર સંચાર કાલી દૈત્યમતી ફેરવીરે

મધુકૈટભ બે એમ ભાન ભૂલી બોલ્યા ફરીરે
અમને અંતરે છે પ્રેમ કાંઇ માગો મુખે હરિરે
કહે કેશવ અસુર મને પ્રસંન જો થયારે
રહિ સામે જરૂર આપો માગું તે કયાં ગયારે
તમો લડી મારી સાથ હવે મરશો તે કયાં રહીરે
મારૂં ભીડીને બાથ તેવું કારણ દ્યો કહીરે
ધરો સત્ય પણે ટેક મુજ હાથે ચડી મરોરે
માગું વચન એ એક સત્ય વાણી મુખે ધરોરે
કરી કૃષ્ણે કપટ છલિ છેતર્યાં અસૂરનેરે
બોલ્યા દૈત્યો ઝટપટ હરે કાલિકાજી નૂરનેરે
જલે ભૂન બોળી જયાંય હણો અમને દામોદરારે
પામો મહા યશ ત્યાંય અવર અલભ્ય તમો ખરારે
ગદા શંખ અને ચક્ર કર કૌમોદકીને ધરીરે
કરી લોચનીયાં લાલ મધુકૈટભ બાથે ભરીરે
ધરી પેડુ તળે શીષ ચક્ર મેલીને ચિરિયારે
દૈત્ય બલી જગદીશ આપે દેવશૂલ બેગિયાંરે
કરિ સ્તુતી જગતાત મહાકાલીને સેવતારે
કહે બ્રહ્મા જય માત સેવિ ચરણુંને દેવતારે
આ અમુ તારો દાસ ગાય ગરબા સુછન્દનેરે
રાખો ચરણુંની પાસ ટાળી ભવ ફેરા ફન્દનેરે
હરિનંદન હુલ્લાસ ગાય શીખેને સાંભળેરે
તેને માજી રાખે પાસ પાપ પુંજો પલે ટળેરે

શત ઓગણીશ જાણુ પર છોતેરની સાલનેરે
ગાઈ ગરબો પ્રમાણુ આજ અરપ્યો ગોપાલનેરે

श्री महालक्ष्मी चरित्र प्रारंभ.

મહિષાસુરવધ ગરબો ૨ જો.

સેવું ચરણુ નમાવી શીષ કે, ગણુપતિ સરસ્વતી રે લોલ.
વન્દું શ્રી જગદંબા ઈશ કે, આપો શુભ મતી રે લોલ.
જય જય અલખ એક ભગવાન કે, ભવતારણુ પ્રભુરે લોલ.
જય જય હરિહર કૃપાનિધાન કે, જગકારણુ વિભૂરે લોલ.
જય જય સત્ય કામ સ્વતંત્ર કે, સત્ય સંકલ્પ હરીરે લોલ.
જય જય મહાવાકય મહામંત્ર કે, જનજીવન ધરીરે લોલ.
જય જય લક્ષ્મીવર ગૌરીશકે, મતિ નવ લખી શકેરે લોલ.
જય જય ગૌલોકેશ ગિરિશ કે, મતિ તું પ્રકાશી શકેરે લોલ.
જય જય નામરૂપ આધાર કે, નિત્ય સુખ પ્રેરક તમોરે લોલ.
જય જય શબ્દ બ્રહ્મ ૐકાર કે, યોગીશ્વર મને રમોરે લોલ.
જય જય રમારમણુ વૃજલાલ કે, ભાલશશી ઉમાપતીરે લોલ.
પડી ચરણે અમૃતલાલ કે, ચણ્ડી છંદ ધરી રતિરે લોલ.
ભગવતી ચણ્ડી ચરિત્ર વિચિત્ર કે, સાગર પુર વહેરે લોલ.
ગાવે ધારિ ફણા સહસ્ર કે, શેષ નવ પાર લહેરે લોલ.
જાણો મંદમતી હું રંક કે, ગુણુગણુ કેમ ગણુંરે લોલ.

કરજો કૃપા ન લાગે કલંક કે, અર્ભક અમો ભણુંરે લોલ.
ઉપજે અમ અંતર આનંદ કે, દેવીગુણ ગાઈએરે લોલ.
રચિએ રૂડા ગરબા છન્દ કે, કૃપાદગ ચાહિએરે લોલ.
પૂરવે પ્રકટયો મહિષાસુર કે, દનુજનો અધિપતીરે લોલ.
તેડયા સર્વ અસૂર હજૂર કે, દિવ લેવા ધરી મતીરે લોલ.
ધારી વક્રનયન ચડિ સ્વર્ગ કે, ઈન્દ્રસંગ યુદ્ધ કરેરે લોલ.
નાઠા રણથી દેવો અર્ક કે, મુકિ માન ત્રાસી ફરેરે લોલ.
લઢિઓ ઇન્દ્રસાથ સોવર્ષ કે, યુદ્ધ બહુ આદરીરે લોલ.
દાનવ દિલમાં વધિયો હર્ષ કે, મઘવા નાઠો ડરીરે લોલ.
સુરરિપુ ઝીત્યા ઈન્દ્રાસન્ન કે, અસુરોની આણ ફરીરે લોલ.
પૃથ્વી વસવા ધારી મન્ન કે, અમરો હૃદે બળીરે લોલ.
લીધું સૂર લોકનું રાજ કે, પુરંદર પદ ધર્યુંરે લોલ.
ઉઠી ગિરવાણો દિલ દાઝ કે, અરરર નુર હર્યુંરે લોલ.
કરશે ધારી મનમાં કાજ કે, નિજ સ્વામી ગણીરે લોલ.
ચાલ્યા મઘવા અમર સમાજ કે, કમલાસન ભણીરે લોલ.
સંગે ચન્દ્ર સૂર્યને દક્ષ કે, દિલમાં થરથરે રે લોલ.
કરજો બ્રહ્મા આવી પક્ષ કે, કરજોડી કરગરે રે લોલ.
ઉભો અમરવૃન્દમાં ઇન્દ્ર કે, વિધિ આરાધતોરે લોલ.
ફીકા વદને દીસે ચન્દ્ર કે, મહાયોગ સાધતોરે લોલ.
સુણતાં સુરવિનતી વાગીશ કે, બ્રહ્મા પ્રગટ થયારે લોલ.
દેવો ધરી ચરણમાં શીષ કે, સ્તુતિ કરે ઉભા રહ્યારે લોલ.
સ્વાગત વચને આપી માન કે, કૂશલ પુછી કરીરે લોલ.

બોલ્યા ચતુરાનન ભગવાન કે, આગમન કહ્યો હરીરે લોલ.
હિમથી જેવી મન્દ પ્રકાશ કે, ગગને તારા તતીરે લોલ.
વત્સો મુખડાં મંદ પ્રકાશ કે, વ્યાકુલ દિસો અતીરે લોલ.
અમરો કહો આગમનકાજ કે, મનમાં ધરૂ અમોરે લોલ.
કરજોડિ કહેછે સુરનો રાજ કે, દયાનિધી પિતા તમોરે લોલ.
મહિષાસુર જે દાનવ ઇશ કે, દિવનો રાજા થયોરે લોલ.
નાઠા અમર ત્રાસિ દસ દીશ કે, રવિશશી મણ્ડલ ગયોરે લોલ.
છોડી અમો સર્વ નિજ વાસ કે, ભટકિએ ધરા સહીરે લોલ.
કરજો રક્ષણ જાણી દાસ કે, મઘવા અરજ કહીરે લોલ.
કહેછે એજ એ જબરો દુષ્ટ કે, નવ અમો ઝીતી શકુંરે લોલ.
અમને જોતાં કરશે કષ્ટ કે, સત્ય કથું નવ બકુંરે લોલ.
ચાલો હરિહર શરણે આજ કે, વિધિ કથે સાથે મળીરે લોલ.
રાખે શંકર વિષ્ણૂ લાજ કે, દુઃખડાં જશે ટળીરે લોલ.
ધારી બ્રહ્મા પદ્માસન્ન કે, અલક આરાધીઓરે લોલ.
ધરિયું યોગીશ્વર પર મન્ન કે, મહાયોગ સાધિયોરે લોલ.
ધાતા જાણીને નિજ રૂપ કે, રીઝયા જગત્ પ્રભુરે લોલ.
ધારી શિવ વિષ્ણૂનાં રૂપ કે, દર્શન દીધાં વિભૂરે લોલ.
રવિને ઉદયે જેમ પ્રભાત કે, કમલો ખિલે સરેરે લોલ.
હરિહર દર્શનથી ભલિ ભાત કે, દેવમુખે દ્યુતી ઝરેરે લોલ.
બ્રહ્મા કરે પ્રાર્થના ત્યાંય કે, ચરણે શિર ધરીરે લોલ.
અમરો ઇશ્વિર ગુણને ગાય કે, પદરજ મુકુટ ભરીરે લોલ.
સ્વર્ગ સ્થીતીલયના એક કે, કારણ નમો નમોરે લોલ.

રાખો પ્રભુ અમારી ટેક કે, તારણુ નમો નમોરે લોલ.
જય જય ધ્યેય ગેય ભગવાન કે, હરિહર નમો નમોરે લોલ.
જય જય નારાયણ નિજ જ્ઞાન કે, જ્ઞેયતમ નમો નમોરે લોલ.
જય જય વિધિ વિધાતૃ ઉદાસિ કે, શિવશંકર નમોરે લોલ.
જય જય અન્તરયામી પ્રકાશી કે, સાશ્વત નમો નમોરે લોલ.
જેનું મહિષાસુર છે નામ કે, બલિ એ અસુર બહૂરે લોલ.
લીધાં ઇન્દ્ર--ચન્દ્ર રવિધામ કે, દેવતાઓ નાઠા સહૂરે લોલ.
પામિ અંતર અમરો ત્રાસ કે, દિલ દાઝી દેવતારે લોલ.
આવી કરે અરજ અવિનાશ કે, હરિહર સેવતારે લોલ.
અચ્યુત શંકર થયા પ્રસન્ન કે, દુઃખ ગણી દેવનેરે લોલ.
સમરી મહામાયાને મન્ન કે, કરિ બહુ સેવનેરે લોલ.
હરિહર શકિત પ્રકટયાં ત્યાંય કે, પ્રભુ મુખ નુર ઝરેરે લોલ.
શિવ વિષ્ણુ વદન તેજ ઝળકાય કે, ઝરતો ઝરો ખરેરે લોલ.
કોટી સૂર્ય ચન્દ્રસમ તેજ કે, એક રૂપ જોતે મળ્યાંરે લોલ.
ઉભર્યા અમરો મુખથી સહેજ કે, તેજ બિંબ ઝરે ભળ્યાંરે લોલ.
ઇચ્છા નિરાકાર આધાર કે, તેજનો ઝરો ઝરીરે લોલ.
પ્રકટયાં મહાલક્ષ્મી સાકાર કે, સ્રીરૂપ લીધું ધરીરે લોલ.
શોભે કાન્તિ વિદ્રુમ તુલ્ય કે, કમલાસન ખડીરે લોલ.
કરમાં મધૂપાત્ર ત્રીશૂલ કે, ત્રિલોચન ભવાં ચડીરે લોલ.
ફરશી વજ્ર પદ્મ ધરિ સાર કે, કુંડિ દણ્ડ ગદા કરેરે લોલ.
સુદર્શન ચક્ર શાંગ તલવાર કે, ઢાલ શંખ ઘણ્ટા ધરેરે લોલ.
ધારી અક્ષમાલિકા બાણુ કે, પાશ ધરિ ધનુષ્ય ગૃહીરે લોલ.

મહિષાસુરનો લેવા પ્રાણ કે, સિંહસ્વારી કરીરે લોલ.
દેવી દેવેશ્વરની ભૂપ કે, માતા ભગવતીરે લોલ.
તારૂં મનમથ-મનમથ રૂપ કે, હરિ સુત કરે નતીરે લોલ.

श्री महालक्ष्मी चरित्रे महिषासुर वधः

ગરબો ૩ જો.

હરિહર ઈન્દ્ર ચન્દ્ર યમ રાય કે, કર જોડિ વીનવેરે લોલ.
ચતુરાનન દેવી ગુણ ગાય કે, વેદ નેતિ નેતી કવેરે લોલ.
કરતા અમર ઇન્દ્ર આરાધ કે, નયણે નિર વહેરે લોલ.
કરજો ક્ષમા માજી અપરાધ કે, સુર શરણાં લહેરે લોલ.
પામી મહિષાસુરથી તાપ કે, ત્રાહી ત્રાહી થયારે લોલ.
માજી દુષ્ટ હણો એ આપ કે, દુઃખ નવ જાએ સહ્યાંરે લોલ.
તુજથી ત્રણે લોક સનાથ કે, જય જય અંબિકારે લોલ.
માજીએ મેલ્યો સુરશિર હાથ કે, જય જય ચણ્ડિકારે લોલ.
આપી અભયપટાની છાપ કે, સુરપતિ દુઃખ ગયાંરે લોલ.
જાણ્યો નારાયણી પ્રતાપ કે, દેવો મગન થયારે લોલ
અર્પ્યું ચક્રપાણિ નિજચક્ર કે, દેવીકર પ્રીતથીરે લોલ
કરથી શૂલપાણિ શુલવક્ર કે, અર્પ્યું હીતથીરે લોલ
આપે પાવક પવન વરૂણ કે, શાંગ ધનુ શંખનેરે લોલ
કરજોડી કહે છે આપ કરૂણ કે, સહાય કરો રંકનેરે લોલ

અરપે ઈન્દ્ર વજ્ર વળિ ઘંટ કે, ભગવતી કરે ધરેરે લોલ
અરપે ચરણ ગ્રહી યમ દણ્ડ કે, કાલદંડ ધર્યો કરેરે લોલ
આપ્યો-દક્ષ પ્રજાપતિદાસ કે, અક્ષમાલા ધરેરે લોલ
વરૂણે અરપ્યો છે નિજ પાશ કે, મન દેવી પદે ફરેરે લોલ
રવિએ રોમ છિદ્રની માંય કે, નિજ કિરણો ભર્યાંરે લોલ
કાલે ઢાલ ખડ્ગ લઇ ત્યાંય કે, માજીને કરે ધર્યાં રે લોલ
ધારી ક્ષિર સિંધુ ઉર પ્રેમકે, ચરણે રડી પડીરે લોલ
અરપી વિશ આંગળીયે એમકે, વીંટિયો હિરે જડીરે લોલ
આપ્યો ઇન્દ્રચ્છંદ સુહાર કે, કુંણ્ડલ દામણીરે લોલ
અરપી કંકણ કરમાં સાર કે, દિવ્ય ચૂડામણીરે લોલ.
અરપ્યો ચન્દ્ર ટીલડી ભાલ કે, બાજુબંધ બાંધવારે લોલ.
અરપી વળી અમુલ્યજ ઝાલ કે, નૂપુર નવાં નવાં રે લોલ.
વિશ્વકર્મા આવી પાંસ કે, ફરશી કર ધરેરે લોલ.
આપે શસ્ત્ર અસ્ત્રને દાસ કે, દેવી ધરી ફરેરે લોલ.
અરપી દિવ્ય કમલની માલ કે, ઉદધિએ એણે સમેરે લોલ.
જેને નવ કરમાવે કાલ કે, જોતાં રૂદે ગમેરે લોલ.
જલધિએ સુંદર પંકજ એક કે, ફરી કરમાં ધર્યુંરે લોલ.
આપ્યો સિંહ કરી વીવેક કે, હિમાચલે વાહન કર્યુંરે લોલ.
અરપી કુબેરે મદીરા પાત્ર કે, કથે મા કરો દયારે લોલ.
ધરિને દિવ્ય રત્ન મણિ માત્ર કે, કરજોડી નમ્યો મયારે લોલ.
શેષ નાગે આપ્યો છે મણિહાર કે, ઉર ધર્યો અંબિકારે લોલ.
દિવ્યાભૂષણ, ને હથિઆર કે, અંગ ધરી ચણ્ડિકારે લોલ.

અમરો કરે દેવી સત્કાર કે, મહામાયા બળે ભરીરે લોલ.
હર્ષે દેવી વારમવાર કે, કડડડ દંતો કરીરે લોલ.
ગાવે ગરબો અમૃતલાલ કે, જોડી કર લળીલળીરે લોલ.
ત્રીજો હરિનન્દન હુલ્લાસ કે, યુદ્ધ હવે કહું વળીરે લોલ.

श्री महालक्ष्मी चरित्रे महिषासुर वधः

ગરબો ૪ થો.

ગરજી મૈય્યા દેતી હાક કે, દિલમાં દૈત્યો ડર્યારે લોલ.
પાડી ચૌદ લોકમાં ધાક કે, ગરજિને ગગન ભર્યારે લોલ.
પડિયો પડછન્દો ત્રીલોક કે, જનનિની હાકથીરે લોલ.
પામ્યા દાનવ દિલડે શોક કે, કંપિ ફણા નાગનીરે લોલ.
સુણતાં દેવી મુખની ત્રાડકે, ધરણી ધ્રૂજતીરે લોલ.
ત્રૂટે ચઢી ગગનમાં પહાડ કે, અમરીયો પૂજતીરે લોલ.
મળિયો દેવ ઋષીગણ સાથ કે, જોડિ કર સ્તુતી કરેરે લોલ.
સુણતાં શબ્દ અસુરનો નાથ કે, નિજ સેના સજ કરેરે લોલ.
પામ્યા દશદિશ દાનવ ત્રાસ કે, કથિ મુખ શું થયુંરે લોલ.
દીસે મહિષાસૂર ઉદાસ કે, મનનું માન ગયુંરે લોલ.
તેડયો દાનવ રાજા ત્યાંય કે, નિજ સેનાપતીરે લોલ.
સજ કરી ફોજ ચડયો રણમાંય કે, બોલ્યો મંદમતીરે લોલ.
વાજે ઢોલ ભેરી રણતૂર કે, ભડ ખુંખારિયોરે લોલ.
વાધ્યું અસુર અંગમાં શૂર કે, ઉઠિ હુંકારિયોરે લોલ.

ધરિયાં બખ્તરને આયુદ્ધ કે, ચટપટિ ચોટથીરે લોલ.
કરવા મહિષાસુર તે યુદ્ધ કે, રણુ વળ્યો દોટથીરે લોલ.
દેવી શબ્દ સુણ્યો જે દીશ કે, તેણિ દિશ ચાલિયોરે લોલ.
ચાંપી ચરણુધરા ધરિ રીશ કે, દેશ દાટ ઘાલિયોરે લોલ.
દેવી અંબા તેજ પ્રકાશ કે, ત્રીલોકમાં ગયોરે લોલ.
મહિષાસુર પર પડિયો ભાસ કે, મનઝાંખો થયોરે લોલ.
ચણ્ડી ધરી વિરાટ સ્વરૂપ કે, કાલિકા કોપે ચડીરે લોલ.
ધારી ભુજા સહસ્ર અનૂપ કે, વ્યાપિ દશ દિશ ખડીરે લોલ.
પહેર્યો મણી મુકુટ શિરમાંય કે, ગગને અડી લડેરે લોલ.
ઝળકે તમ કનકસમ કાય કે, ઘનસમ ગડગડેરે લોલ.
દેખી દષ્ટે પામી ત્રાસ કે, દૈત્યો દિલ દુઃખી થઈરે લોલ.
મળિયા મહિષાસુરની પાસ કે, સજ લડવા થઈરે લોલ.
શસ્ત્રો અસ્ત્રો દેવી અંગ કે, ઝળઝળ ઝળકતાંરે લોલ.
જોતાં અસુર થયા મનભંગ કે, કર ભાલાં ચળકતાંરે લોલ.
ચિક્ષુર નામે સેનાધીશ કે, દેવી સામે સજ થયોરે લોલ.
ચામર ભવાં ચઢાવી શીષ કે, સન્મુખ આવી રહ્યોરે લોલ.
લીધા રથ સાયઠ હજાર કે, ઉદગ્રે સાથમાંરે લોલ.
બોલ્યો કરૂં સૂર સંહાર કે, ચંપી ચોળું બાથમાંરે લોલ.
લીધાં અયુત સહસ્ર રથ સંગ કે, લડવા મહાહનૂરે લોલ.
ચડિઓ અસિલોમા અડભંગ કે, ભોજન માંસનુરે લોલ.
રથ લઈ પાંચ કરોડ અભંગ કે, અસુર હરામનોરે લોલ.
કરવા સુર સેનાનો ભંગ કે, બાષ્કલ નામનોરે લોલ.

સાયઠ લાખ રથો છે સાથ કે, જંગ મચાવિયોરે લોલ.
પીતો સુરાપાત્ર ધરિ હાથ કે, બહુ બળ આવિયોરે લોલ.
આવ્યો ગર્વ કરી બીડાલ કે, રથ સંગ કરોડો ધરીરે લોલ.
સાથે સહસ્ર તુરંગ ગજકાલ કે, કોપી ક્રોધ કરીરે લોલ.
લીધા દશ સહસ્ર રથ સાથ કે, અસુરો લડે અડીરે લોલ.
ધરિને બહુવિધ શસ્ત્રો હાથ કે, ત્રુટયા કડકડીરે લોલ.
ધાયો મહિષાસુર ધરિ ગર્વ કે, સુર ભરે બાથમાંરે લોલ.
સાથે રથ જોડયા છે ખર્વ કે, ગ્રહિ શુલ હાથમાંરે લોલ.
સાથે ખર્વ તુરંગ ગજસાર કે, મહિષાસુર કથેરે લોલ.
હમણાં હું વાળું સંહાર કે, મરવા અમર મથેરે લોલ.
ચળકે ભાલાં ચળકચળાક કે, બરછી બડિશ ધરીરે લોલ.
લળકે કરમાં ખડ્ગ ઝળાક કે, મારિ સાંગ મુસલ ફરીરે લોલ.
ધરિ કર ગોફણુ ને તલવાર કે, દેવી પર ચોટ કરીરે લોલ.
ચણ્ડી કરતી ક્રીડા સાર કે, લેતિ નુર અસુર હરીરે લોલ.
લાખો દાનવ કીધા ચૂર કે, શ્રમ નવ લેશ ધરેરે લોલ.
નાઠા દૈત્યો બલિયા શૂર કે, દેવી લીલા આદરેરે લોલ.
નિરખી મહામાયા જગદમ્બ કે, સુરમુનિ સ્તુતી કરેરે લોલ.
ગગને અમરી અમર કદંબ કે, ફૂલ વેરી સંચરેરે લોલ.
ધરણી ખળકે ખળખળ થાય કે, લોહિના લોઢ ગહેરે લોલ.
ચુલુ ચુલુ ચુલૂ શબ્દ છલકાય કે, સરિતા પુરે વહેરે લોલ.
ચંપી ચોળ્યા યોદ્ધા ચરણુ કે, ધરણે ઢાળિયારે લોલ.
ચીરી ધર્યાં દુષ્ટ યમ શરણુ કે, દાટિ દાટ વાળિયારે લોલ.

કરવા ફરી યુદ્ધ ધરી ટેક કે, ચિક્ષુર ઘણુંઘણુંરે લોલ.
લીધા દશ હજાર ગજ છેક કે, અયુત હય હણુહણુંરે લોલ.
કરવા રણ મોટો સંગ્રામ કે, ચિક્ષુર ફરી ચડયોરે લોલ.
ધરતો રૂદિયે મોટી હામ કે, સુર પર ત્રુટી પડયોરે લોલ.
ચરતો જેમ અનલ વનવૃક્ષ કે, દવ વન વિલય કરેરે લોલ.
કરવા દાનવ સુરનો ભક્ષ કે, સિંહ સમ રણે ફરેરે લોલ.
ક્રોધે કંપે શિરના વાળ કે, સન્મુખ રહી લડેરે લોલ.
તોડે દેવી શિર ભરિ ફાલ કે, ધડ ધરણી પડેરે લોલ.
પીધો ક્રોધે કાલી શ્વાસ કે, પાછા છોડિયારે લોલ.
પ્રગટયા અપરિમીત ગણ દાસ કે, નમિ કર જોડિયારે લોલ.
કરમાં ગોફણ ને તલવાર કે, ખડ્ગ ખડખડેરે લોલ.
વધતાં બહુ વધ્યો પરિવાર કે, રણ ઝુકી રહી લડેરે લોલ.
ભુંગળ શંખોના કરિ સૂર કે, ડમરૂ બજાવતારે લોલ.
વાજે સરણાઇ રણતૂર કે, નૃત્ય ભજાવતાંરે લોલ.
કરતાં પ્રહત મૃદંગ મધૂર કે, સંગિત સાથે મળીરે લોલ.
સાતે સ્વર મૂર્ચ્છના હજૂર કે, લય સમ ગાવે લળીરે લોલ.
ધારી ગદા ખડ્ગ ત્રીશૂલ કે, મારે મારનેરે લોલ.
શોધે ઇન્દ્ર શત્રુનું મૂલ કે, કરિ સંહારનેરે લોલ.
વાજે ઘંટ દેવી કરમાંય કે, સુણિ દૈત્યો પડયા ઢળીરે લોલ.
મોહી દાનવ મૂર્છા ખાય કે, ગર્વ ગયો ગળીરે લોલ.
બાંધી પાશ ઘસડીયા ધરણ કે, દાનવ રોળિયારે લોલ.
સોંપી યમરાજાને શરણ કે, યુગદી ચોળિયારે લોલ.

મારે મુશળ વહે મુખ લોહિ કે, રણુવટ પડી ઢળ્યારે લોલ.
રોવે અસુરનારિ સુરદ્રોહિ કે, મરાયા પાપ ટળ્યાંરે લોલ.
ચમકે અસુર ઘડો ધરિ દોટ કે, સાંગ કર ફરી ગ્રહેરે લોલ.
વાળું હમણાં તારો ઓટ કે, દેવીને શિરો કહેરે લોલ.
માજિએ ક્ષણમાં કરિ સંહાર કે, રણ શ્મસાન રચ્યોરે લોલ.
કરતો વન તરુતૃણ આહાર કે, દાવાનલ જ્યમ મચ્યોરે લોલ.
વહેતો રણમાં રૂધિર પ્રવાહ કે, સરિતા પુરે પડીરે લોલ.
ખેરી પુષ્પ દેવ કહી વાહ કે, યોગમાયા વારે ચઢીરે લોલ.
ધારી ધનુષ ચડયો ચિક્ષૂર કે, બાણવૃષ્ટિ આદરેરે લોલ.
જાણે નવ છે મોત હજૂર કે, ચણ્ડિપર ચોટ કરેરે લોલ.
છલકે સાગર જેવો પૂર કે, અંબાદેવી રોષમાંરે લોલ.
વ્યાપ્યું અંગોઅંગે શૂર કે, ચાલિ ચણ્ડિ જોસમાંરે લોલ.
દીધી રીસે માજી હાક કે, પાડયા રથસારથીરે લોલ.
પાડી ચીક્ષુર કાને ધાક કે, કંપે સહુ મા'રથીરે લોલ.
વિંધ્યો રોમરોમ ધરિ બાણ કે, ધનુષ્ય ધ્વજા પડીરે લોલ.
પડતો કષ્ટે ધરતો પ્રાણ કે, ફરિ આવ્યો સામે ચડીરે લોલ.
ધારી કર તાતી તલવાર કે, ધરી ઢાલ ઝૂકતેરે લોલ.
મારી સિંહ શીર ખરિ ધાર કે, નાઠો મુખ સૂકતેરે લોલ.
કીધો ફેર દેવી પર ઘાવ કે, તલવાર ચુરો થઇરે લોલ.
નાઠો નવ જાણીને દાવ કે, ફેર ધર્યો શૂલ લઈરે લોલ.
માજિએ કીધો પહેલો ઘાવ કે, શુલ શતખંડ કરીરે લોલ.
મારી ચિક્ષુર દીધો દાવ કે, યમપુર રાખ્યો ધરીરે લોલ.

ત્યારે યુદ્ધ ચડયો ગજરાજ કે, ચામર દુર્મતીરે લોલ.
મુખથી હું હું કરે ન લાજ કે, લડવા ધરી રતીરે લોલ.
ગર્જી અંબા કીધો ઘોષ કે, વિશ વસા ગયો ખસીરે લોલ.
ચામર મુખમાં દિશે ન હોશ કે, ધરણી પડયો ધસીરે લોલ.
પ્રકટી દાઝ થયો મનભંગ કે, કરિ લાલ આંખડીરે લોલ.
ચામર દૈત્યે માંડયો જંગ કે, ધરિ શુલ આવ્યો ચડીરે લોલ.
ચડિયો ગજપર કરમાં શૂલ કે, ફેંકયું દેવી ઉપર સહીરે લોલ.
ધાર્યું મનનું મળિયું ધૂળ કે, થયું શતખણ્ડ તહીંરે લોલ.
મારી માનો સિંહ છલંગ કે, ગજપર ચડી ગયોરે લોલ.
મળિઓ બાથે ચામર સંગ કે, બાહુયુદ્ધ બહુ થયોરે લોલ.
બાઝી ગજથી પડિયા ધરણુ કે, ભીડિ બથ કડકડયારે લોલ.
સિંહે દૈત્ય ચાંપિયો ચરણુ કે, શિર ધડ જુદાં પડયાંરે લોલ.
ચામર ચાલ્યો યમની વાટ કે, દાટ વળ્યો દૈત્યો તણોરે લોલ.
માજીએ ઠીક મચાવ્યો ઠાઠ કે, ઘડયો ઘાટ ઘણા તણોરે લોલ.
પીતી રૂધિર ગણી મન આશ્ર કે, ભોગ લેતી ભગવતીરે લોલ.
હણિઆ બાસ્કલ અંધક તાશ્ર કે, દિધિ તેને સદ્‌ગતીરે લોલ.
કરતી ભદ્રકાલિકા ત્રાસ કે, દુષ્ટો બહુ કાપિયારે લોલ.
માર્યા ઉગ્રવીર્ય ઉગ્રાસ્ય કે, મહાહનુ પાપિયારે લોલ.
માર્યા દુર્ધર ને દુરમૂખ કે, બલીષ્ટ બિડાલનેરે લોલ.
પામ્યો મઘવા મનમાં સૂખ કે, દૈત્યો દિધા કાલનેરે લોલ.
અંબા પદ પંકજ પરતાપ કે, ગરબે ગુણુ ગણીરે લોલ.
ટળશે અમૃતલાલનાં પાપ કે, જોગમાયા માથે ધણીરે લોલ.

શ્રી મહાલક્ષ્મી ચરિત્રે મહિષાસુર વધ.

ગરબો ૫ મો.

આવ્યો મહિષાસૂર અસૂર કે, રણસંગ્રામ વિષેરે લોલ.
નાસે દેવો દેખી દૂર કે, પામિ ત્રાસ દશ દિશેરે લોલ.
જાણી દૈત્યસેનાનો નાશ કે, ક્રોધી કોપિયોરે લોલ.
ધારી શિંગ ઉંચાં આકાશ કે, મહિષરૂપથી થયોરે લોલ.
મારે શિંગ કરે છે દુઃખ કે, ત્રોડે હાડનેરે લોલ.
ભરતો ફુત્કારોની ફુંક કે, ભાંગે પહાડનેરે લોલ.
કીધા કેત્તા ચીરી ચૂર કે, ઝડપી ઝડપ કરીરે લોલ.
પટકી પાડે મહિષાસૂર કે, ફરતો ફેરે ફરીરે લોલ.
કરતો ગણ સેના ભંગાણ કે, આવ્યો ચોંપથીરે લોલ.
માજિના સિંહનો લેવા પ્રાણ કે, ધસમસ્યો કોપથીરે લોલ.
પટકયું પુચ્છ કરી કુંફાડ કે, સિન્ધુ તટ ત્રુટિયારે લોલ.
કરતો ઘોર મેઘ સમ ત્રાડ કે, પરબતો ચુરા થયારે લોલ.
મહિષાસુરને શિંગે મેઘ કે, વળગી ફૂટિયારે લોલ.
ઊડી ફુંકે મોટા પહાડ કે, બહુ ગગને ગયારે લોલ.
ચંડી ચડી રોસમાં ત્યાંય કે, ત્રિલોચન અનલ ઝરેરે લોલ.
કીધો સિંહનાદને ત્યાંય કે, ભુમંડળ થરહરેરે લોલ.
સળક્યા શેષ થયો ભૂકંપ કે, ગગનો કડકડેરે લોલ.
અમરોએ ત્યાં કીધો છે સંપ કે, રણતુરી ગડગડેરે લોલ.
બાંધ્યો મહિષ પાશથી તૂર્ત કે, બની સિંહ સામે ધસેરે લોલ.
જાણી અંતર આ છે ધૂર્ત કે, ખાંડુ દેવી કરે લસેરે લોલ.

દીધી દોટ છેદવા શીષ કે, નરતનૂ ધરી ફરીરે લોલ.
પ્રકટી જગદમ્બાને રીસ કે, તેનું તેજ લીધું હરીરે લોલ.
જોતાં દુષ્ટ થયો નરરૂપ કે, જાણી વાત ભગવતીરે લોલ.
કોપી ચૌદ ભુવનની ભૂપ કે, હણુવાને કરી મતીરે લોલ.
ત્યાં તો અસુર થયો ગજરાજ કે, સન્મુખ ફરે બળેરે લોલ.
અંબા તણો સિંહ વનરાજ કે, શુણ્ડ વિષે લેવા વળેરે લોલ.
ધારી કર કાલી તલવાર કે, હણુવા મૂઢનેરે લોલ.
જોતાં ક્ષણૂં ન લાગી વાર કે, કાપી શુણ્ઢનેરે લોલ.
ક્ષણુમાં મહિષ થયો તે દુષ્ટ કે, બળથી બહૂ બકયોરે લોલ.
કરતો સ્થાવર જંગમ કષ્ટ કે, મદઝર મદે છકયોરે લોલ.
માજી મનગમતું મધુપાન કે, લીધું લહેરથીરે લોલ.
પીધા ઘઘટ ઘુંટ એકતાન કે, સુર પર મહેરથીરે લોલ.
બોલી મુખ ત્રૂટેલાં વેણુ કે, દૈત્ય સામી દષ્ટી કરીરે લોલ.
મદ છકી રાતાં દીસે નેણુ કે, કહે સુણ્ય અસુર ફરીરે લોલ.
જો હું કરૂં છકી મધુપાન કે, રમતી જ્યાં લગીરે લોલ.
ગર્જો ગરજી તું હેવાન કે, કહું છું ત્યાં લગીરે લોલ.
રે રે દુષ્ટ કરીશ વિદિર્ણ કે, તુજ શિર કાલ ફરેરે લોલ.
તુને થયું અક્કલ કેરૂં અજીર્ણ કે, યમપુર લઈ ધરેરે લોલ.
રમતી અમો કરૂં મધુપાન કે, ત્યાં લગી માન ધરોરે લોલ.
સુરને આપું અભયદાન કે, તને ભખી કરૂં ચરોરે લોલ.
શિંગે ધરિ મહિષાસુર પહાડ કે, દેવિ પર ફેંકયા રહીરે લોલ.
પાડી ચીસો મારી ત્રાડ કે, દિગ્ગજો ડગ્યા સહીરે લોલ.

રૂઠી ઉઠી ત્રૂટી માત કે, કુહિ ચડિ પિઠ પરેરે લોલ.
પાડી ધરણી મારી લાતકે, ત્રિશુલને કંઠ ધરેરે લોલ.
ચરણે ચંપાયલો દુષ્ટ કે, નિસર્યાનું મન કરેરે લોલ.
નીચે પડિયો પામે કષ્ટ કે, લાજ નવ લેશ ધરેરે લોલ.
અરધો મહિષ ઉદર નર દેહ કે, મુખ બળે બારે કરેરે લોલ.
અરધો ઉદર બહાર છે જેહ કે, યુદ્ધ સારૂ ઝુકી ફરેરે લોલ.
ધાર્યું ભદ્રકાલિકા ચક્ર કે, ફરતું મૂકિયુંરે લોલ.
મુંક્યું ઉરમાં લેઇ શુલવક્ર કે, અસિપ્રાણ ઝકિયુંરે લોલ.
આપ્યો દુષ્ટ દૈત્યને દણ્ડ કે, તેજ ક્ષણ એકે હર્યુંરે લોલ.
છેદી દેહ સહસ્ર ખણ્ડ કે, દૈત્ય શિર છેદન કર્યુંરે લોલ.
દેવતા દુઃખી દેખિ ચડિ રીસ કે, સુરપતિ કાજ કર્યુંરે લોલ.
માજિએ દિગપતિને દશ દીશ કે, દૈત્ય માંસ બલી ધર્યુંરે લોલ.
હરિહર બ્રહ્મે કીધી સેવ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
સ્તુતિ કરે ઇન્દ્ર ચન્દ્ર સહુ દેવ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
દેવી તું ચિત્ શક્તી આપ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
જપીએ અંતર તારો જાપ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
તુજથી પ્રગટી ચારે ખાણકે, મા લક્ષ્મી નમોરે લોલ.
તેં સરજ્યાં વેદ પુરાણ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
તું છું ઇન્દ્રજાલ ને જંત્ર કે, મા લક્ષ્મી નમોરે લોલ.
તું છું મહામંત્ર ને તંત્ર કે, મા લક્ષ્મી નમોરે લોલ.
રચિયું વિશ્વ ધરી પ્રપંચ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
લીધો ભેદ ન વેદે રંચ કે, મા લક્ષ્મી નમોરે લોલ.

કીધી અમરે ત્યાં ફુલ વૃષ્ટિ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
ધારી માજી અમૃત દૃષ્ટિ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
તારો દાસ સુરનો રાજ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
આપ્યું સ્વર્ગતણું તેં રાજ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
કીધો રાજનગરમાં વાસ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
છહીયે મહાલક્ષ્મીના દાસ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
માતા લક્ષ્મી ને હરિ તાત કે, મા લક્ષ્મી નમોરે લોલ.
હેમરાજ ભૂધર બન્ને ભ્રાત કે, મા લક્ષ્મી નમોરે લોલ.
ધરિએ સુનુ જયન્તિ તમ ચરણુ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
નરેશ જગદીશ જનની શરણુ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
વિદ્યાગવરી તારી બાલ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
હેમરાજ સુત છે મગનલાલ કે, મા લક્ષ્મી નમોરે લોલ.
કૃષ્ણાલાલ ભૂધરનો તન કે, મા લક્ષ્મી નમોરે લોલ
તેને થાજો દેવી પ્રસન્ન કે, મા લક્ષ્મી નમોરે લોલ
સૌની મા તું છે રખવાળ કે, મા લક્ષ્મી નમોરે લોલ
તારો પરીવાર સંભાળ કે, મા લક્ષ્મી નમોરે લોલ
જનનો મિત્રજ મોતીલાલ કે, મા લક્ષ્મી નમોરે લોલ
અંબાલાલ અંબે તવ બાલ કે, મા લક્ષ્મી નમોરે લોલ
તેની પૂરો દેવી હામ કે, મા લક્ષ્મી નમોરે લોલ
રહેજો વારે આઠે જામ કે, મા લક્ષ્મી નમોરે લોલ
ગરબો જે શીખેને ગાય કે, મા લક્ષ્મી નમોરે લોલ
તેને જન્મ મરણુ ભય જાય કે, મા લક્ષ્મી નમોરે લોલ

જાણી જનમાં ધરશે પ્રીત કે, મા લક્ષ્મી નમોરે લોલ
કરશે મંગલ અમ્બા નિત્ય કે, મા લક્ષ્મી નમોરે લોલ
ગાવે હરિનંદન ગુણ છંદ કે, મા લક્ષ્મી નમોરે લોલ
ત્રૂટે અમૃતલાલ ભવફંદ કે, મા લક્ષ્મી નમોરે લોલ

अथ इन्द्रादिसुर स्तुति.

ગરબો ૬ ઠ્ઠો.

(પાવાતે ગઢથી ઉતર્યાં મા કાળીરે, એ રાહ.)

ઇન્દ્રાદિ મળિ દેવતા, મા લક્ષ્મીરે.
સ્તુતિ કરે ક્રોડ તેત્રીસ, તું મહાલક્ષ્મીરે.
કરી આરતી સેવતા, મા લક્ષ્મીરે.
ધરિ તવ પદરેણુ શીષ, તું મહાલક્ષ્મીરે.
મહિષાસુર માર્યો મહારણી, મા લક્ષ્મીરે.
તેં રાખી સુરની લાજ, તું મહાલક્ષ્મીરે.
ટાળી પીડા અમો તણી, મા લક્ષ્મીરે.
હણિ દાનવ સેના આજ, તું મહાલક્ષ્મીરે.
દૈત્ય નૂર ક્ષણમાં હર્યાં, મા લક્ષ્મીરે.
તેં સુરનો ટાળ્યો ત્રાસ, તું મહાલક્ષ્મીરે.
દૈત્ય હણી દિવમાં ધર્યો, મા લક્ષ્મીરે.
ગુણ ગાવે તારા દાસ, તું મહાલક્ષ્મીરે.

પ્રેમ થકી તું પેખતી, મા લક્ષ્મીરે.
અરિ અસુર દૈત્ય છે તોય, તું મહાલક્ષ્મીરે.
રણ મરતાં મન લેખતી, મા લક્ષ્મીરે.
તે સર્વ મોક્ષપદ સોય, તું મહાલક્ષ્મીરે.
છઠ્ઠો ગરબો ગાય છે, મા લક્ષ્મીરે.
તવ પદપંકજમાં બાલ, તું મહાલક્ષ્મીરે.
દર્શનને દિલ ચહાય છે, મા લક્ષ્મીરે.
કરી અરજી અમૃતલાલ, તું મહાલક્ષ્મીરે.

ગરબો ૭ મો.

(ધરણી પડી પતીને પાય એ રાહ.)

દેવી સુરપતિ આદી દાસ, મા લક્ષ્મી નમોરે.
ઉભા ચરણ મુકુટ ધરિ પાસ, મા લક્ષ્મી નમોરે.
કરજો કલ્યાણી કલ્યાણ, મા લક્ષ્મી નમોરે.
તારૂં વેદ વિષે પરમાણ, મા લક્ષ્મી નમોરે.
તારો કોટિ સૂર્યસમ તાપ, મા લક્ષ્મી નમોરે.
તારૂં બળ તો બાઇ અમાપ, મા લક્ષ્મી નમોરે.
કીધો અસુર મહિષ સંહાર, મા લક્ષ્મી નમોરે.
કીધી ભદ્રકાલિકા વાર, મા લક્ષ્મી નમોરે.
પામે પાર ન શંકર શેષ, મા લક્ષ્મી નમોરે.
જાણે બ્રહ્મા મર્મ ન લેશ, મા લક્ષ્મી નમોરે.
તું મા તુષ્ટિ પુષ્ટિ લાજ, મા લક્ષ્મી નમોરે.

તારૂં ચૌદ લોકમાં રાજ, મા લક્ષ્મી નમોરે.
ત્રિગુણા ગુણાતીત તું માય, મા લક્ષ્મી નમોરે.
તુજને જગકારણ શ્રુતિ ગાય, મા લક્ષ્મી નમોરે.
યજ્ઞે સ્વાહા તું સંસાર, મા લક્ષ્મી નમોરે.
તું છું મૂલ પ્રકૃતી સાર, મા લક્ષ્મી નમોરે.
પિતૃ તણી તૃપ્તિ કરનાર, મા લક્ષ્મી નમોરે.
શ્રાદ્ધે સ્વધા આપ સૃજનાર, મા લક્ષ્મી નમોરે.
મા તું મુક્તિ હેતુ જગ એક, મા લક્ષ્મી નમોરે.
તારૂં અચિંત્ય મહાવૃત છેક, મા લક્ષ્મી નમોરે.
યોગી ઇંદ્રિય ગણ જિતનાર, મા લક્ષ્મી નમોરે.
ધરતા તત્વો પર આધાર, મા લક્ષ્મી નમોરે
જે વળી મોક્ષ ઇચ્છતા ચિત્ત, મા લક્ષ્મી નમોરે.
ત્યજતા રાગ દ્વેષની રીત, મા લક્ષ્મી નમોરે.
એવા મુનિ મન તું મા જ્ઞાન, મા લક્ષ્મી નમોરે.
વિદ્યા અદ્વૈતામૃત પાન, મા લક્ષ્મી નમોરે.
તારો કરે નિત્ય અભ્યાસ, મા લક્ષ્મી નમોરે.
દેવી દેવર્ષિ તુજ દાસ, મા લક્ષ્મી નમોરે.
નિર્મલ ઋગ્વેદથી જેહ, મા લક્ષ્મી નમોરે.
સાથે યજુર્વેદથી તેહ, મા લક્ષ્મી નમોરે.
ઉદ્ગિથ પદો ધરી અભિરામ, મા લક્ષ્મી નમોરે.
જગમાં વિદિત વેદ જે સામ, મા લક્ષ્મી નમોરે.
તેના મંત્ર તણી ભણ્ડાર, મા લક્ષ્મી નમોરે.

મા છો શબ્દ બ્રહ્મ ૐકાર, મા લક્ષ્મી નમોરે.
તારૂં રૂપ દેવિ ત્રણ વેદ, મા લક્ષ્મી નમોરે.
તારો કો નવ પામે ભેદ, મા લક્ષ્મી નમોરે.
મા તું ખેતી ને વ્યાપાર, મા લક્ષ્મી નમોરે.
અંબા, જડ ચેતન આધાર, મા લક્ષ્મી નમોરે.
મા છો વિશ્વ પીડ હરનાર, મા લક્ષ્મી નમોરે.
વ્યાપી વિશ્વરૂપ વ્યવહાર, મા લક્ષ્મી નમોરે.
આપે શકલ શાસ્ત્ર પ્રમાણ, મા લક્ષ્મી નમોરે.
મા તું ભવસાગરમાં વહાણ, મા લક્ષ્મી નમોરે.
મા છો અભંગ નૌકા આપ, મા લક્ષ્મી નમોરે.
તારી ત્રણ લોક શિર છાપ, મા લક્ષ્મી નમોરે.
જે છે મધુકૈટભ રિપુ શ્યામ, મા લક્ષ્મી નમોરે.
ધારે હૃદય લક્ષ્મી તુજ નામ, મા લક્ષ્મી નમોરે.
જેને મુકુટ ચન્દ્ર ને ગંગ, મા લક્ષ્મી નમોરે.
ધરીયાં તમને અર્ધે અંગ, મા લક્ષ્મી નમોરે.
પામે હર નિરખી ઉમંગ, મા લક્ષ્મી નમોરે.
તે તું પાર્વતી શંકર સંગ, મા લક્ષ્મી નમોરે.
કર તું પૂર્ણ હાસ્યથી સૂખ, મા લક્ષ્મી નમોરે.
તારૂં પૂર્ણ ચન્દ્રસમ મુખ, મા લક્ષ્મી નમોરે.
તારો તપ્ત કનક ઝળકાર, મા લક્ષ્મી નમોરે.
દરશન કરતાં ઉપજે પ્યાર, મા લક્ષ્મી નમોરે.
તુજ મુખ નિરખી મહિષાસૂર, મા લક્ષ્મી નમોરે.

આવ્યો ક્રોધ કરી તારી હજૂર, મા લક્ષ્મી નમોરે.
કીધો એકાએક પ્રહાર, મા લક્ષ્મી નમોરે.
દીસે એ આશ્ચર્ય અપાર, મા લક્ષ્મી નમોરે.
મા તેં કીધી દષ્ટી વક્ર, મા લક્ષ્મી નમોરે.
દીસે જેમ કાલનું ચક્ર, મા લક્ષ્મી નમોરે.
ઉગતા કોટિ ઇન્દુ મુખ લાલ, મા લક્ષ્મી નમોરે.
નિરખી તારૂં ભાલ વિશાલ, મા લક્ષ્મી નમોરે.
મહિષાસુરે ન છાંડયા પ્રાણ, મા લક્ષ્મી નમોરે.
અમને એ આશ્ચર્ય પ્રમાણ, મા લક્ષ્મી નમોરે.
કોપ્યો કાલ નયનથી જોય, મા લક્ષ્મી નમોરે.
જોવે કોણ સમર્થજ હોય, મા લક્ષ્મી નમોરે.
તારો નવ આદી કે અંત, મા લક્ષ્મી નમોરે.
માજી અગમ તમારો પંથ, મા લક્ષ્મી નમોરે.
ગીતા તું ગાયત્રી માત, મા લક્ષ્મી નમોરે.
તારી તું એકલી જાત, મા લક્ષ્મી નમોરે.
રહેતો રાજનગરમાં બાલ, મા લક્ષ્મી નમોરે.
રાખો ચરણે અમૃતલાલ, મા લક્ષ્મી નમોરે.



आरती.

ગરબો ૮ મો.

(મા પાવા તે ગઢથી ઊતર્યાં એ રાહ.)

હ્રીં પગ-જરમાં પોપટી, મહાકાળીરે.
કલકંઠી નિગમ ઉદ્યાન, મા બિરદાળીરે.
જગકારણ આદી નટી, મહાકાળીરે.
કરિ મન ગમતું મધુપાન, મા બિરદાળીરે.
આગમ વિપિન મયૂરડી, મહાકાળીરે.
તું વિશ્વહૃદય રણકાર, મા બિરદાળીરે.
સંહારો સિંહે ચડી, મહાકાળીરે.
એમ ઉતાર્યો ભૂભાર, મા બિરદાળીરે.
નંદનવન તરુ ફૂલડાં, મહાકાળીરે.
ધરિ પદપંકજ સુરરાજ, મા બિરદાળીરે.
મણિકંકણ કર તારે કડાં, મહાકાળીરે.
કરે વંદન દેવ સમાજ, મા બિરદાળીરે.
ઇન્દ્ર વરૂણ બ્રહ્મા મળી, મહાકાળીરે.
ગુણ તારા સરવે ગાય, મા બિરદાળીરે.
કરે આરતી લળીલળી, મહાકાળીરે.
ધરિ મુરતિ મનડાંમાંય, મા બિરદાળીરે.
અરચી કુંકુમ કેસરે, મહાકાળીરે.
હરિચંદન ધરિયું પાસ, મા બિરદાળીરે.

ધૂપ દીપ સામે ધરે, મહાકાળીરે.
લ્યો અગરબત્તીનો વાસ, મા બિરદાળીરે.
કસ્તૂરી કરપૂરથી, મહાકાળીરે.
કરી સોળ વિધી ઉપચાર, મા બિરદાળીરે.
ધરિ મુકુટ ચરણુ પડિ દૂરથી, મહાકાળીરે.
કહે જય જય જગદાધાર, મા બિરદાળીરે.
અમૃતલાલે કર જોડિયા, મહાકાળીરે.
છે ચરણુ કમળનો દાસ, મા બિરદાળીરે.
તેં ભવ બન્ધન તોડિયાં, મહાકાળીરે.
નિજ જાણી રાખો પાસ, મા બિરદાળીરે.

कुसुमाञ्जली.

ગરબો ૯ મો.

(બ્રહ્માએ ભજન કર્યું—એ રાહ.)

સુરગણુ કુસુમ અંજલી આ ધરેરે,
જય જય જય ચણ્ડી જગદમ્બજો,
કર ત્રીશૂલ ધરી દુઃખડાં હરેરે, શિર ધરિ રેણૂ અમરિ કદંબજો,
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૧
દેવી ધનુષ બાણુ કરમાં ધરીરે, કીધો ટંકારવ ઝણુંકારજો,
સુણુતાં દૈત્ય હૃદય ફાટી ગયાંરે, આદિ હ્લીઁ ૐ હ્રીઁ રણુંકારજો,
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૨

કીધું સ્તવન દેવીને દેવતારે, માજી મનથી થયાં પ્રસન્નજો,
માગો માગો મઘવા સુર સહુરે, આપું માગો ધારી મન જો
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૩
કરજોડી ઇન્દ્રે કીધી વીનતીરે, કરજો અમ અંતર મા વાસજો,
સમરી સહાયે વળજો માવડીરે, ભક્તી અવિચલ માગે દાસજો,
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૪
તારી નીલમણી નીરજ છબિરે, પૂજે મઘવા આપી માનજો,
દેવી દયા ધરી દેવો પરેરે, આપ્યાં ઇચ્છિત વર વરદાનજો,
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૫
ગાયો હરિનંદન હર્ષે કરીરે, ગરબો જે જન સુણશે કાનજો,
પામી પરીવાર સુખ સંપતીરે, પામે નરપતિનાં બહુ માનજો,
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૬
અંબા અંતરમાં રાજી થશેરે, પેખી અમૃતલાલ દીન દાસજો,
રાખે સાથે મહામાયા સદારે, સઘળાં પૂરણુ કરશે કાજ જો,
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૭
વિષ્ણૂ વિધિ શંકર સાથે મળીરે, આપ્યાં માજીને બહુ માનજો,
દેવી પ્રસન્ન બહુ સહુ ઉપરેરે, થઇ ત્યાં ચણ્ડી અંતરધાનજો,
તારાં ચરણુસરોજ ધરી રહીરે. ૮



ગરબો ૧૦ મો.

અભિવંદન.

(મા પાવા તે ગઢથી ઉતર્યા—એ રાહ.)

તું તારા સુગતા ગમે મા ચણ્ડીરે.
કહિ ગૌરી શિવમત ગાય તું મા ચણ્ડીરે.
વજ્રાકૌલિક મન રમે મા ચણ્ડીરે.
જીન પદ્માવતિ ગણાય તું મા ચણ્ડીરે.
ગાયત્રી કહિ શ્રુતી મથે મા ચણ્ડીરે.
પ્રકૃતિ સાંખ્ય ભણાય તું મા ચણ્ડીરે.
સર્વ મનોરથ પુરા થયા મા ચણ્ડીરે.
તું જે પર પૂર્ણ પ્રસન્ન તું મા ચણ્ડીરે.
વિશ્વતણી તે પર દયા મા ચણ્ડીરે.
મા તે જગજન્મ્યો ધન્ય તું મા ચણ્ડીરે.
જે પર તારી કૃપા સહી મા ચણ્ડીરે.
તે જિવન્મુક્ત બ્રહ્મરૂપ તું મા ચણ્ડીરે.
ચાર પદારથ કર મહીં મા ચણ્ડીરે.
તુજ સેવક સહુનો ભૂપ તું મા ચણ્ડીરે.
કિંકરને રાજા કરો, મા ચણ્ડીરે.
તું કરે રાયને રંક, તું મા ચણ્ડીરે.
દીન જનનાં દુઃખડાં હરો, મા ચણ્ડીરે.
નવ તે શિર કદી કલંક, તું મા ચણ્ડીરે.

શ્રી ચાકર સુત સુખી રહે મા ચણ્ડીરે.
મન વાંચ્છિત પૂરો માય તું મા ચણ્ડીરે.
કોટિ જન્મનાં દુરિત દહે જગદમ્બારે.
કરિ જે પર તેં કરૂણાય જય જગદમ્બારે.
કલ્યાણી કલ્યાણ તું જગદમ્બારે.
નિજ સેવક કેરી પક્ષ જય જગદમ્બારે.
વિદ્યા વાણી વખાણ તું જગદમ્બારે.
નિર્ધનની કલ્પવૃક્ષ જય જગદમ્બારે.
કઠોરતા રણ ભૂ વિષે, જગદમ્બારે.
છે તારી ત્રાતા ટેક જય જગદમ્બારે.
બહૂ દયા દિલમાં દિસે જગદમ્બારે.
નહિ દાતા તુજ સમ એક જય જગદમ્બારે.
બહૂ કાલ પાપો કરે જગદમ્બારે.
તમ સાથે લડિયા જેહ જય જગદમ્બારે.
તેને તું સ્વર્ગે ધરે જગદમ્બારે.
અરિ પર પણ તારે સ્નેહ જય જગદમ્બારે.
ક્રોધ દૃષ્ટિ જોયું તમે જગદમ્બારે.
કરિ ભસ્મ ન દાનવ દેહ જય જગદમ્બારે.
એ નવ જાણ્યું દિલે અમે જગદમ્બારે.
તેં ધર્યો દૈત્ય પર નેહ જય જગદમ્બારે.
દૈત્ય ચમૂ શસ્ત્રે હણી જગદમ્બારે.
છે કારણ તેનું એજ જય જગદમ્બારે.

શસ્ત્ર ચડયા પાવન ગણી જગદમ્બારે.
તેં મોક્ષ પમાડયા સહેજ જય જગદમ્બારે.
તવ પદરેણૂ ધારે શિરે જગદમ્બારે.
તે નર ત્રીલોક નિહાલ જય જગદમ્બારે.
હતા દૈત્ય પણ દયા દિસે જગદમ્બારે.
તું જનની સહજ વહાલ જય જગદમ્બારે.
તુજ ખડ્ગે ત્રીશૂલ ફળે જગદમ્બારે.
જળહળતો પ્રભાપ્રકાશ જય જગદમ્બારે.
દૈત્ય નેત્ર જોઈ નવ બળે જગદમ્બારે.
નવ અંજાયા નવ ભાસ જય જગદમ્બારે.
વિચારી જોતાં નક્કી જગદમ્બારે.
અમ અંતર ઉપજે સૂખ જય જગદમ્બારે.
કોટિ પૂર્ણ ઇન્દૂ થકી જગદમ્બારે.
છે સુંદિર તારૂં મૂખ જય જગદમ્બારે.
નેત્રદ્વાર અંતર ધરી જગદમ્બારે.
નવ અસુર આંખ અંજાય જય જગદમ્બારે
અંગ અંતર આંખો ઠરી જગદમ્બારે.
ઉર દાનવ લેખી માય જય જગદમ્બારે.
તેં રૂદિયે ધારી દયા જગદમ્બારે.
મહિષાસુર ધરિયો સ્વર્ગ જય જગદમ્બારે.
દુષ્ટ તોય પાપો ગયાં જગદમ્બારે.
આપ્યો તેં સુરપતિ વર્ગ જય જગદમ્બારે.

રાક્ષસ કુલ વનમાં તમો જગદમ્બા રે.
તું દાવાનલની જ્વાલ જય જગદમ્બા રે.
ફરી કૂદડીને રમો જગદમ્બા રે.
તું દાનવગણુની કાલ જય જગદમ્બા રે.
ઈન્દ્ર ઉતારે આરતી જગદમ્બા રે.
ધરિ અગરબત્તી કરપૂર જય જગદમ્બા રે.
શ્રી વિદ્યા તું ભારતી જગદમ્બા રે.
મહામાયા આપ હજૂર જય જગદમ્બા રે.
અમૃતલાલ પદ સેવતા જગદમ્બા રે.
મનવાંછિત પૂરો માય જય જગદમ્બા રે.
તું દેવોની દેવતા જગદમ્બા રે.
હરિનંદન ગરબા ગાય જય જગદમ્બા રે.
ગાય શિખે ને સાંભળે જગદમ્બા રે.
તે અંબા તારા દાસ જય જગદમ્બા રે.
દશ ગરબા પુરા થયા જગદમ્બા રે.
અગીયારમો રચવા આશ જય જગદમ્બા રે.
સામું જો મા સરસ્વતી જગદમ્બા રે
જીહ્વાએ કરજો વાસ જય જગદમ્બા રે.



શ્રી કૃષ્ણાય નમઃ

રાગ સંદેશાનો.

ઓધવજી માધવને મનમાં શી દયા
કુબ્જા સાથે ક્રીડે નંદકુમારજો
રસભીનો રંગાયો એના રંગમાં
વ્રજવધૂના પ્રાણતણો આધારજો....ઓધવજી—
પાતળીઆ સંગેરે કીધી પ્રીતડી
વૃંદાવનમાં રંગે કરતા ખેલજો
ઓચિંતા ગોકુળથી વ્હાલો વઇ ગયા
વશ્યા મથુરાં રાખી મનમાં મેલજો....ઓધવજી—
વિસારી વ્હાલે છે વ્રજની સુંદરી
સુંદરવરને વ્હાલી કુબજા ચિત્તજો
કરૂણા શું કરશે તે અમપર શ્રીહરી
અમે ન જાણી નટવરની એ રીતજો....ઓધવજી—
છબીલે છટકીને છળથી છેતર્યાં
બળ કરીને મરડી માર્યાં રંકજો
નેહ કરી નયણુંમાં અમૃતને ધરી
વિષ વરસાવી આડો વાળ્યો અંકજો....ઓધવજી—
લોચનીએ લલચાયો એને લાલજી
વશ થયો છે કુબ્જાને વ્રજલાલજો

ગોકુળમાં ક્યમ ધરશે વ્હાલો વ્હાલને
શું કહીએ કયાં જઈએ અમૃતલાલજો....ઓધવજી—

સંદેશો ૨ જો.

ઓધવજી ગોકુળમાં હવે નથી ગોઠતું
દિલડાં દાઝે વ્હાલા વિયોગે હમેશજો
સર્વસ્વ હાર્યાંરે સઘળું જે હતું
અમને લાગે ખારો આ વ્રજદેશજો....ઓધવજી—
જમનાંજી જાતાંરે હરિને કારણે
નંદકુંવરના સાથે રમતાં રંગજો
પ્રભાતે જાતાંરે નંદને બારણે
મુખડું જોવા ધરતાં ઉર ઉમંગજો....ઓધવજી—
પ્રેમઘેલી ફરતી સહુ વ્રજની સુંદરી
જસોદાના જાયાનું ઉરે ધ્યાનજો
નિરખંતી વ્હાલાને લોચનીયે ઠરી
નેહે કરતી અધરામૃતનું પાનજો....ઓધવજી—
મોરલીને મુખ ધારી ગાતો ગીતને
અમપર વ્હાલો ધરતો અદકો સ્નેહજો
એ દિવસ સાંભરતાં અંતરમાં બળે
શ્યામ વિયોગે પ્રાણ રહે કેમ દેહજો....ઓધવજી—
યમુના તટ બંસીને કોણ બજાવશે
મહી માખણનું કેને દેશું દાણજો

નવલખ આ ધેનુને કોણ ચરાવશે
અમૃતલાલનો વસ્યો મથુરાં પ્રાણજો....ઓધવજી—

સંદેશો ૩ જો.

ઓધવજી વ્રજ વ્હાલું હરિને તો નથી
વ્હાલી કીધી વ્હાલે કુબજા નારજો
ગોકુળને વિસાર્યું મથુરામાં વસ્યા
નિર્દય છે એ નંદતણો કુમારજો....ઓધવજી—
વૃંદાવન વાજીને સુણતાં વાંસળી
પરવશ થાતાં ઉરમાં પ્રગટે પ્રેમજો
દર્શનને કરતાંરે વનસંગે મળી
રાસ રમન્તા એ વિસાર્યું કેમજો....ઓધવજી—
પ્રાણ હર્યા વશ કરીઆં વન સાથે ફરી
તરછોડીને ચાલ્યા ન લાગી વારજો
કર્મની કહાણી તે કેને કીજીએ
નહોતું જાણ્યું જાશે હૈડા હારજો....ઓધવજી—
ગોવિંદને સંગે જે કીધી ગોઠડી
ન્હોતો જાણ્યો ધુતારાનો ઢંગજો
અળગો જઇ અમથીરે કુબ્જાનો થયો
રંગ રચાવી મ્હોટો પાડયો ભંગજો....ઓધવજી—
ગોકુળમાં ગોપીવર ક્યારે આવશે
સાચું કહોને અમ પર રાખી મ્હેરજો

મુખડલું નીરખીને સુખડાં પામીએ
અમૃત સ્વામી મળતાં લીલા લ્હેરજો....ઓધવજી—

સંદેશો ૪ થો.

ઓધવજી માધવને મળીએ ક્યાં હવે
નવ સુજે કો અમને સાધન એકજો
અંતરમાં ઉભરાયાં સ્નેહ નવેનવે
વરવા નંદનો નંદન ધારી ટેકજો....ઓધવજી—
વહાલાને કહેજો જઈ મથુરાં એટલું
કેમ રિસાયા રસિયા છે શો વાંકજો
પોતાના જાણીને પાસે રાખીએ
જાતિ અમારી આહિરડાંની રાંકજો....ઓધવજી—
જે ગાયો ચારી તેં હરિ તે પ્રેમથી
તવ વિયોગે નવ આવે નિજ ધામજો
કુંજ વિષે ભમતી તે શોધે આમને
વહે આંસુડાં આંખડલી ઘનશ્યામજો....ઓધવજી—
અલબેલો આવીને ઘરમાં પેસતો
માખણ ખાતો ફોડી મહીના માટજો
દૂધલિયાં પીતોરે પ્યારા પ્રેમથી
તુજ વિનાના સૂના જમના ઘાટજો....ઓધવજી—
પાલવને પકડીરે મારગ રોકતો
ઝગડા કરતો જૂઠા તું અમ સાથજો

બોલન્તો મીઠું ને સ્નેહે પેખતો
અમૃત શાને તરછોડયાં જદુનાથજો....ઓધવજી—

સંદેશો ૫ મો.

ઓધવજી નવ જાણે માધવ પ્રેમને
ચારી ગાયો ગોવાળોની સાથજો
ગળામાં ગુંજાની માળા પહેરતો
આહિરડાંનું એઠું ખાતો નાથજો....ઓધવજી—
વાંસતણી કર ધારી વ્હાલે વાંસળી
વનખંડીમાં કરતો ફરતો નાદજો
મનડાંને હેરીને ગાતો ગીતને
અમને મુકાવી કૂળતણી મરજાદજો....ઓધવજી—
બેસારી પાસે ને કરતો પ્યારને
કહેતો પ્યારી તમો છો અમ પ્રાણજો
એકાંતે કરતો રે મીઠી વાતડી
વશ્યો મથુરાં ગોકુળ મોટી હાણજો....ઓધવજી—
અબળા પર બળ દાખી વ્હાલે શું કર્યું
દિલમાં રાખ્યું અમપર છાનું વેરજો
ગોકુળને વિસારી મથુરામાં વશ્યા
અમપર કુબડી કરતી મોટો કેરજો....ઓધવજી—
પ્રથમથી નવ જાણ્યું હરિ આવું કરે
કહાનો કરશે કુબજા સાથે પ્રીતજો

અંતરની નવ જાણી એની આંટીઓ
અમૃત કરશે વ્હાલો કુબજા હિતજો....ઓધવજી—

समुद्रदेव प्रार्थना.

નારાચ છંદ.

ચઢી તુરંગ તેજપેં ઉગારવા પધારજે,
જલાધિ નાથ હાથ ધારી ચાબકો સુધારજે.
લહેરકી જલાધિનાથ ભકિત જુકિત જાનિકે,
મહા તરંગ તેં હરો હમારિ પીડ જાનિકે.
કુવા તલાવ વાવડી સુતીર નીર ખેલતાં,
નદી તરંગ ભંગ ભાવ રંગ રંગ રેલતાં.
મહા મહાંધ અંધ જાનિ દુષ્ટ કષ્ટ કારિહે,
હરો કલેશ ઇશ આશ એક ઊર તારિહે.
ન કાવ્ય ભેદ છંદ ગૂન દોષ શુદ્ધ જાનિએ,
સમુદ્ર દેવ સેવ તારિ કોન બીધ આનિએ.
મહા ગભીર નીર તીર એક ધ્યાન ધારિકે,
રમા નિવાસ રામ રૂપ એક નામ વારિકે.
રહે અધાર સાર પાર યાહિ બીધ ન્હોચિએ,
ધની હમાર બાર બાર યાર આપ શોચિએ.
ભરોસ એક ટેક નેક રંક જાનિ આઇએ,
અપોન પન્ન જાનિકે જરુર ઢીલ લ્યાઇએ.

છુડાયબો ગરુર ઝૂઠ દુષ્ટ ભૂપ દણ્ડ તેં,
નરાચ તો મરાંકરે ધરી ફરી સુખણ્ડ તેં.
કરો નરાચ છંદ તે વિભૂ સહાય આયકે,
રહે હમે હમેશ નીજ દેશ સૂખ પાય કે.
તિહારી કીર્તિ ઠામ ઠામ ગામ ગામ ગીતમેં,
ગવાયગી હમેશ ઈષ્ટ ધારિ ધારિ ચિત્તમેં.
અકબ્બરા ફતેહ દે મહેરબાન તો મરા,
કરીમ તું રહીમ તું ખુદાઇ પીર તો ખરા.
ધની ગની બની અબેર બાંહ્ય ધાર નેહ તેં,
પધારી કે પ્રભુ કરો સહાય આજ સ્નેહતેં.
તુંહી પિરા ન પીર ધીર બીર ચોં કબીર હે,
નબી તુંહી અલેક આપ ગંગ નીર તીર હે.
તુંહી પ્રયાગ ગોમતી સુજોગ જાગ જંગમં,
ગુદાવરી હે નર્મદા ત્રિબેનિ તીર સંગમં
મહેશ શેષ શારદા કવિન્દ્ર યોગિ અંગિરા,
ગનેશ ઇન્દુ ઇન્દિરા જિનેન્દ્ર ભોગી તું ગિરા.
અરુન બાયુ બેદ તો સદા વિશુદ્ધ જાગતો,
તુંહી અકાશ વન્ન મન્ન ચોં અનેક લાગતો.
તુંહી અજા અભેદ બેદ દ્વૈત શુન્ય પ્રાન હે,
અખંડ એક નિત્ય જ્ઞાન માન ચોં નિદાન હે.
મશાન વાસિ શંકરા વિભૂતિ ભૂષનં ધરા,
કરાલ કાલ ભૈરવા ભુતેષ શેષ તો ખરા.
ભવાબ્ધિ પાર વાહ પોત એક તુંહિ ભૂધરા,

પુરાન ચોં કુરાન તું તુંહી સુદેવ ખેચરા.
ઉદાર તો અપાર તો અધાર વાર ધ્યાયિએ,
તિહાર દાસ આશ એક જાનિ બેગ લ્યાઇએ.
નમસ્તુ ઇષ્ટ દેવ સેવ કોન બીધ લ્યાઇએ,
યથા રૂચી અનંદ ઉર આય બાલ ગાઇએ.
અમૃતલાલ છંદ ગાન કીન નાથ પ્રેમ તેં,
નમામિ ૐ નમામિ ૐ નમામિ દેવ નેમ તેં.

સોરઠા.

હરિયા તૂં દાતાર રહું તિહારે આશરે
અબળ તણા આધાર સાગર વારે સંચરો
હરિયા મૂંજા દેવ દુખિયા દેખિ દાસને
થારી એડી ટેવ મુશકેલી પલમાં હરો
સાગરીયા સમરથ્થ બુડતાના બેલી તમો
આવી ઝાલો હથ્થ આ ઘડીયે તો અંમતણો
હરિયા હરિયા પીર ધર્મ ધજા તારી ધણી
વરહે નૈણે નીર વાર કરો આણે સમે
અવગુણને અમાણા ગુણસાગર ગણશો નહી
સરણા છે તમાણા એમ જાણિને આવજો
દીને ઉછેર બાજ કને ન સોંપીએ
હવે તો આ અવેર હરિયા થારે ઊગારવા
હવે સાંમુ નિહાળ સનમુખ રહેને સાગરા
માવેતર મયાળ તંનડાં તરછોડો નહી

મીઠો મહેરામણ ખારો થાસે જો કહો
છુટે સઘરામણ શેષ ધરા ધરશે નહી
પરમેશ્વર તું પીર ભીડ ભગો આણે સમે
આપો આવી ધીર દરિયા તું સાચો સગો
બેલીડે બાવાજી લીલુડો નેજો ધરી
પધારોને ઝાઝી વાર હવે શાને કરો
ન આરો નાઠેથી ગાંડેથી નથી છોડવું
ઊગારો માઠેથી ગાય ગણી આવો ધણી
માલીડા મનમાંય કાંઈ વિચારો આબરૂ
છોડ રહ્યા કરમાય મહેર ધરો મહેરામણા
અંતરથી અમને તો કેમ વિસારો વાલિડા
ઘટે ના તમને તો તનડાને તરછોડવા
અબુધને અજાણ મમતાયૂં મેલી નહી
એજ વડાઈ વખાણ તોય ગણ્યાં તેં તાહ્યરા
હિમરાજ ભુધર બાલ દરિયા થારે આસરે
શરણે અમૃતલાલ હરિનન્દન હરિયે ધર્યા
જયન્તીલાલ જગદીશ નરેશ ને ગુણવંત આ
રાખી ચરણે શીષ વીધા લે છે વારણા

इतिश्री राजवैद्य हरिभाइ तनुजनुषा राजचिकित्सकता चणेन अमृतलालाख्येन वर्मणा विरचिता देवीचरित्र चन्द्रिका सम्पूर्णा।

જાહેર ખબર.



મુંબઈમાં ભરાઈ ગયેલ [illegible] [illegible] [illegible] [illegible] સદ્ગુણાલંકૃત [illegible] શ્રીમાન મહામુનિરાજ [illegible] મહારાજશ્રી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મહારાજના [illegible] [illegible] [illegible] [illegible] આવશે. [illegible] [illegible] અને [illegible].

[illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

અમદાવાદ, [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible] [illegible] [illegible] [illegible]